**Surat Municipal Corporation** FIT INDIA

Tender Notice (Online) No: ACE/SMC/Biodiversity Park/01/2025-26

Quote the rate base tender for the below-mentioned work is invited online on https://smctender.nprocure.com from the Government approved contractors/agencies.

| Sr. No. | Name of Work | Total Project Cost in Crores |
|---|---|---|
| 1. | Request for proposal (RFP) for operation, management & maintenance of Wild Valley Biodiversity Park on both sides of Kankara creek from Dr. Hedgewar Bridge to Gandhikutir Bridge and Althan-Bamroli Bridge to Bhimrad-Bamroli Bridge on Public Private Partnership (PPP) mode for (15+5) 20 years. | 144.95 |

The detailed tender notice will be made available on the website https://www.suratsmartcity.com/

No.P.R.O/459/2025-26 DT. 12/11/2025 — Add. City Engineer, Surat Municipal Corporation



**SURAT MUNICIPAL CORPORATION PUBLIC HEALTH DEPARTMENT SOLID WASTE MANAGEMENT R.H.C. STORE,** FIT INDIA

E-Tender Notice (On line) No. PHD/DCHH/10/2025-26

Tenders are invited for following Sanitation Items on Item Rate on-line on https://smctender.nprocure.com From Interested Manufacturer / Authorize Dealer / Sub Dealer.

| | |
|---|---|
| Name of Department | Solid Waste Management |
| No of works | 09 |
| Total Estimate Cost | Rs. 1,66,40,620/- |

Tender documents are available https://smctender.nprocure.com The detail Tender Notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

No. P.R.O./455/2025-26 Date: 12/11/2025 — Dy. Commissioner (D) (H. & H.) Surat Municipal Corporation



જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ- ૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત

ક્રમાંક :- અમ-મ-૨૦૨૫-૭૬૮ -જસત-૧૪૨૦૨૫-૧૮૧૪- ઘ તારીખ :- 17 OCT 2025

"કન્સ્ટ્રકશન ઓફ કેનાલ સ્ટ્રકચર ઓન તરસાડા-કડોદ-બારડોલી-સરભોણ-નવસારી રોડ(નિયર ભામૈયા કેનાલ સ્ટ્રકચર) કિ.મી. ૩૩/૧૦૦ થી ૭૫/૦૦(વ.સે. ૬૩/૨ થી ૬૩/૪) તા. બારડોલી જિ. સુરત"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "કન્સ્ટ્રકશન ઓફ કેનાલ સ્ટ્રકચર ઓન તરસાડા-કડોદ-બારડોલી- સરભોણ-નવસારી રોડ(નિયર ભામૈયા કેનાલ સ્ટ્રકચર) કિ.મી. ૩૩/૧૦૦ થી ૭૫/૦૦(વ.સે. ૬૩/૨ થી ૬૩/૪) તા. બારડોલી જિ. સુરત"ના જાહેર હેતુમાટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૦- ૨૦-૨૧.૧૯ ચો.મી. છે અને તે મોજે. ઉછરેલ તા. બારડોલી જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.૦૦- ૨૦-૨૧.૧૯ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથીસદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "કન્સ્ટ્રકશન ઓફ કેનાલ સ્ટ્રકચર ઓન તરસાડા-કડોદ-બારડોલી-સરભોણ-નવસારી રોડ(નિયર ભામૈયા કેનાલ સ્ટ્રકચર) કિ.મી. ૩૩/૧૦૦ થી ૭૫/૦૦(વ.સે. ૬૩/૨ થી ૬૩/૪) તા. બારડોલી જિ. સુરત" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. ઉછરેલ તા. બારડોલી જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે.૦૦-૨૦-૨૧.૧૯ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજ નમેરા) સરકારના ઉપ સચિવ

ક્રમાંક : માહિતી-સુરત/૧૦૧૬/૨૦૨૫


# કૃષિ રાહત પેકેજમાં રૂ. ૧૯૦ કરોડનો વધારો

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળ આજે રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ખેડૂતોના માટે રાજ્ય સરાકર જાહેર કરેલા બે જુદા જુદા રાહત પેકેજની લંબાણપૂર્વકની ચર્ચા થવા પામી હતી. એટલું જ નહીં ખેડૂતો જરૂરી ફોર્મ ભરી દે એટલે સહાય આપવાનું ચાલુ થઈ જશે, તેમ કેબીનેટમાં છર્ચા થવા પામી હતી.કેબીનેટ પ્રવકત્તા જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તાજેતરના વરસેલા કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા અગાઉ દિવાળી દરમ્યાન જાહેર કરેલા રૂ. ૯૪૭ કરોડ અને તાજેતરમાં રૂ. ૧૦,૦૦૦ કરોડના એમ બે ઉદારતમ કૃષિ રાહત પેકેજ બદલ રાજ્ય મંત્રી મંડળે મુખ્યમંત્રીને અભિનંદન સાથે આભાર વ્યક્ત કર્યો હતો. વાઘાણીએ કહયું હતું કે આ ઉપરાંત મુખ્યમંત્રીએ ઉદાર અભિગમ અપનાવીને અગાઉના રૂ. ૯૪૭ કરોડના પેકેજમાં પિયત અને બિન પિયત માટે એક સમાન ધોરણે સહાય આપવાનો નિર્ણય કરતાં વધુ રૂ. ૧૯૦ કરોડ ફાળવતા સહાય પેકેજની રકમ હવે રૂ. ૧૧૩૭ કરોડ થઈ છે. આમ, સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદનો માર સહન કરેલા ધરતીપુત્રોને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૧,૧૩૭ કરોડનું માતબર પેકેજ મુખ્યમંત્રીએ આપ્યું છે.

# જટાધર : આત્માઓ પર વિશ્વાસ ન કરનાર ઘોસ્ટ હંટરની સફર



**મૂવી રિવ્યુ**
અમર સોલંકી દ્વારા
ફિલ્મ: જટાધરા (એ)
રેટીંગ: ★☆☆☆☆
એક લાઈનનો પ્રતિભાવ: હોરર ફિલ્મોના જબરા શોખીન હોવ તો જ ફિલ્મ જોવા જવી

**અભિનેતાઃ** સુધીર બાબુ, સોનાક્ષી સિન્હા, દિવ્યા ખોસલા, શિલ્પા શિરોડકર **નિર્માતાઃ** ઝી સ્ટુડિયો, પ્રેરણા અરોડા, એસ કે જી એન્ટરટેઈનમેન્ટ્સ **નિર્દેશકઃ** વેંકટ કલ્યાણ, અભિષેક જાયસ્વાલ

જટાધર એવી વાર્તા છે જેમાં ભૂતપ્રેત પર વિશ્વાસ ન કરનાર શિકારી પોતે જ અલૌકિક શક્તિઓનો સામનો કરે છે. શિવા વ્યવસાયે ઘોસ્ટ હન્ટર છે, પરંતુ તેને આત્માઓના અસ્તિત્વ પર જરા પણ વિશ્વાસ નથી. જીવન તેની સામે એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે તેને પોતાના માતાપિતાની આત્માઓનો સામનો કરવો પડે છે અને ત્યારથી તેની માન્યતાઓ હલાવી દેતી સફર શરૂ થાય છે. આગળ જઈને શિવાને ધન પિશાચની જેવી દુષ્ટ શક્તિ સામે લડવું પડે છે. શિવાના માતાપિતા અને ધન પિશાચની વચ્ચેની પાછળની વાર્તા ક્લાઈમેક્સ સુધી ફિલ્મમાં તણાવ જાળવી રાખે છે.

વેનકટ કલ્યાણની વાર્તા ખાસ રસપ્રદ કે મજબૂત નથી. પ્રથમ હાફનો સ્ક્રીનપ્લે આપસમાં જોડાયેલો લાગતો નથી કારણ કે ઘણાં સૂત્રો ઈન્ટરવલ બાદ જ ખુલશે. બીજો ભાગ થોડો સુધરેલો છે કારણ કે અધૂરા મુદ્દાઓ જોડાય છે, પરંતુ હીરોની પડદા પર લાંબો સમય સુધી ગેરહાજરી અને હીરોઈનની મોડથી એન્ટ્રી સમગ્ર ગતિને અસંતુલિત બનાવે છે. નિલકંઠ શાસ્ત્રી દ્વારા ધન પિશાચીનીને પરાજિત કરવાની રીત સમજાવતો ભાગ એટલો ટેકનિકલ છે કે પ્રેક્ષકોથી સંવાદ તૂટી જાય છે. શિવા આત્માઓ સાથે વાત કરી શકે છે તે ખ્યાલ પણ ઘણી હદે અવિશ્વસનીય લાગે છે.

અભિનયની બાબતમાં સુધીર બાબુ સરેરાશ છે અને જરૂરી જોશ લાવી શક્યા નથી. સોનાક્ષી સિન્હા ધન પિશાચની તરીકે અસર છોડે છે. દિવ્યા ખોસલા અને શિલ્પા શિરોડકર પોતાની ભૂમિકામાં યોગ્ય છે.

વેનકટ કલ્યાણ અને અભિષેક જયસવાલનું દિગ્દર્શન સામાન્ય સ્તરનું છે. ફિલ્મમાં રહસ્ય અને રોમાંચનું પ્રમાણ ઈચ્છિત સ્તર સુધી ઊતરી શકતું નથી અને પ્રેક્ષકને નાયક સાથે ભાવનાત્મક રીતે જોડી શકતું નથી.

# બિહારમાં ફરી એક વાર મોદી અને નીતીશનું કોમ્બિનેશન હિટ પુરવાર થશે



**ટુ ધ પોઈન્ટ** — સમકિત શાહ

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન મંગળવારે પૂર્ણ થયું છે. આ મતદાનનો બીજો તબક્કો હતો, જેમાં પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાયો હતો. ચૂંટણીનાં પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી બે ગઠબંધન વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સ્પર્ધા હતી. શાસક NDA અને મહાગઠબંધન. ત્રીજો પક્ષ જન સૂરજ પણ પહેલી વાર ચૂંટણી લડી રહ્યો છે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો છે અને સરકાર બનાવવા માટે કોઈ પણ પક્ષ કે ગઠબંધન પાસે ૧૨૨ બેઠકો હોવી જરૂરી છે. મતદાનના બંને તબક્કા પછી વિવિધ એક્ઝિટ પોલ આવવા લાગ્યા છે અને લગભગ તમામ એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને સંપૂર્ણ બહુમતી આપવામાં આવી છે. આ સંભવિત બહુમતીનું શ્રેય જેટલું નીતીશકુમારને જાય છે, તેટલું મોદીને પણ જાય છે.

એનડીએ ગઠબંધનમાં પાંચ પક્ષોનો સમાવેશ થાય છે. ભાજપ અને જેડીયુ 243 બેઠકોવાળી બિહાર વિધાનસભામાં ૧૦૧-૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ૨૯ બેઠકો પર અને રાષ્ટ્રીય લોક મોરચા (RLM) અને હિન્દુસ્તાની અવમ મોરચા (HAM) ૬-૬ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ, કોંગ્રેસ, સીપીઆઈ (એમએલ), સીપીઆઈ અને વિકાસશીલ ઇન્સાન પાર્ટી (વીઆઈપી) ના બનેલા મહાગઠબંધમાં આરજેડી ૧૪૩ બેઠકો પર, કોંગ્રેસ ૬૧ બેઠકો પર, સીપીઆઈએમએલ ૨૦ બેઠકો પર, વીઆઈપી ૧૩ બેઠકો પર, સીપીઆઈ(એમ) ૪ બેઠકો પર અને સીપીઆઈ ૯ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. મેટ્રિસીસ-આઈએએનએસ એક્ઝિટ પોલમાં એનડીએને ૧૪૭-૧૬૭ બેઠકો, મહાગઠબંધનને ૭૦-૯૦ બેઠકો અને અન્યને ૨-૬ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે. આમાં ભાજપને ૬૫-૭૩ બેઠકો, JDU ને ૬૭-૭૫ બેઠકો, LJP (R) ને ૭-૦ બેઠકો, HAM ને ૪-૫ બેઠકો અને RLM ને ૧-૨ બેઠકો આપવામાં આવી છે. મહાગઠબંધનમાં RJD ને ૫૩-૫૮ બેઠકો, કોંગ્રેસને ૧૦-૧૨ બેઠકો, VIP ને ૧-૪ બેઠકો અને ડાબેરી પક્ષોને ૯-૧૪ બેઠકો આપવામાં આવી છે. આ એક્ઝિટ પોલ મુજબ NDA ને ૪૮ ટકા અને મહાગઠબંધનને ૩૭ ટકા મત મળી શકે છે. ચાણક્ય સ્ટ્રેટેજીના એક્ઝિટ પોલમાં NDA ને ૧૩૦-૧૩૮ બેઠકો, મહાગઠબંધનને ૧૦૦-૧૦૮ બેઠકો અને અન્યને ૩-૫ બેઠકો મળવાની ધારણા છે. પીપલ્સ પલ્સ એક્ઝિટ પોલમાં, NDA ને ૧૩૩-૧૫૯ બેઠકો, ગ્રાન્ડ એલાયન્સને ૭૫-૧૦૧, જન સૂરજને ૦-૫ અને અન્ય પક્ષોને ૨-૮ બેઠકો મળવાનો અંદાજ છે. પીપલ્સ ઇનસાઇટના એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૩૩-૧૪૮ બેઠકો અને મહાગઠબંધનને ૮૭-૧૦૨ બેઠકો પર વિજય મળવાની આગાહી કરવામાં આવી છે. પોલ ડાયરીના એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૮૪-૨૦૯ બેઠકો, મહાગઠબંધનને ૩૨-૪૯ બેઠકો અને અન્ય પક્ષોને ૧-૫ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે. પોલસ્ટ્રેટ એક્ઝિટ પોલમાં, NDA ને ૧૩૩-૧૪૮ બેઠકો અને મહાગઠબંધનને ૮૭-૧૦૨ બેઠકો આપવામાં આવી છે. પી-માર્કના એક્ઝિટ પોલમાં, NDA ગઠબંધનને ૧૪૨-૧૬૨ બેઠકો અને મહાગઠબંધનને ૮૦-૯૮ બેઠકો આપવામાં આવી છે. ડીવી રિસર્ચના એક્ઝિટ પોલમાં, એનડીએ ગઠબંધનને ૧૩૭-૧૫૨ બેઠકો, મહાગઠબંધનને ૮૩-૯૮ બેઠકો અને જન સૂરજને ૨-૪ બેઠકો મળવાની ધારણા છે. JVC એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૩૫-૧૫૦ બેઠકો, મહાગઠબંધનને ૮૮-૧૦૩ બેઠકો અને અન્ય પક્ષોને ૩-૭ બેઠકો મળવાનો અંદાજ છે. જ્યારે પણ બિહારની ચૂંટણીઓની ચર્ચા થાય છે, ત્યારે ચર્ચાનો સૌથી સામાન્ય વિષય MY સમીકરણ હોય છે. M એટલે મુસ્લિમ અને Y એટલે યાદવ. આ વખતે, MY સમીકરણ પાછલી ચૂંટણીઓ કરતાં અલગ છે. આ વખતે, M એટલે મહિલાઓ અને Y એટલે યુવા. આ ચૂંટણી આ સમીકરણની આસપાસ ફરશે. બિહારમાં આ વોટબેંક માટે સૌથી ભીષણ લડાઈ ચાલી રહી છે. નિષ્ણાતો માને છે કે આ બિહારની ચૂંટણી ઘણી રીતે પાછલી ચૂંટણીઓ કરતાં અલગ હશે. સી-વોટરના સ્થાપક અને ચૂંટણીવિશ્લેષક યશવંત દેશમુખ કહે છે કે જ્યારે મુખ્યમંત્રી નીતીશકુમારે મહિલાઓ માટે યોજનાઓ લાગુ કરી, ત્યારે ઘણાં લોકોએ તેમની તુલના અન્ય રાજ્યોની યોજનાઓ સાથે કરવાનો પ્રયાસ કર્યો. જો કે, તેમાં નોંધપાત્ર તફાવત છે. નીતીશકુમાર ભારતના પહેલા નેતા અને મુખ્યમંત્રી છે જેમણે કેન્દ્રમાં મહિલાઓ સાથે યોજનાઓ શરૂ કરી અને અમલમાં મૂકી. મહિલા મતદારો સાથે નીતીશકુમારનું જોડાણ અન્ય તમામ નેતાઓ કરતાં અલગ છે. ૨૦ થી ૨૫ વર્ષ પહેલાં, જ્યારે તેમણે શાળાની છોકરીઓને સાયકલ, ગણવેશ, શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું હતું, ત્યારે તેમણે તેમના જીવનમાં મોટો ફેરફાર લાવ્યા હતા. ૨૦ વર્ષ પછી, તે છોકરીઓ સક્રિય મતદાતા છે. તેમના ખાતામાં પૈસા આવતાં ભાવનાત્મક જોડાણ વધુ ગાઢ બન્યું છે. યશવંત દેશમુખ માને છે કે આ યોજનાને કારણે, આ ચૂંટણીમાં મતદાન દરમિયાન જોવા મળતો લિંગ તફાવત પહેલાં કરતાં વધુ મોટો હશે. આનો સામનો કરવા માટે, તેઓ કહે છે કે, તેજસ્વી યાદવે દરેક ઘર માટે સરકારી નોકરીઓનું વચન આપતી યોજના લાવી છે. બિહારના યુવાનો પર આની કેટલી અસર પડશે તે જોવાનું બાકી છે, પરંતુ પાંચ વર્ષ પહેલાં તેની મજબૂત અસર પડી હતી.

પાંચ વર્ષ પહેલાં બેરોજગારી સૌથી મોટો મુદ્દો હતો અને તેજસ્વી યાદવે છેલ્લાં છ અઠવાડિયાંમાં જે રીતે આ મુદ્દા પર પ્રચાર કર્યો તેનાથી તેમનો ગ્રાફ વધ્યો હતો. આ વખતે ચૂંટણીનું વાતાવરણ પણ એવું જ દેખાય છે. એક તરફ મહિલાઓ માટે યોજનાઓ છે અને બીજી તરફ સરકારી નોકરીઓનું વચન છે. આ નવું MY સમીકરણ જૂના MY સમીકરણ કરતાં વધુ વજન ધરાવશે. બિહાર ચૂંટણીમાં જાતિ સમીકરણો એક મુખ્ય મુદ્દો છે, તેથી જ મહાગઠબંધન અને એનડીએ બંને આ સમીકરણને સંતુલિત કરવા માટે કામ કરી રહ્યાં છે. ગઠબંધનમાં બેઠકોને લઈને ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે નિષ્ણાતો તેના પર નજર રાખી રહ્યા છે કે કયું ગઠબંધન જાતિ સમીકરણને વધુ સારી રીતે સંતુલિત કરવામાં સક્ષમ છે. પહેલાં નીતીશકુમારે ઘણાં વર્ષોમાં યોજનાઓ અને રાજકીય ભાગીદારી દ્વારા અત્યંત પછાત વર્ગોમાં પોતાનો પ્રભાવ બનાવ્યો છે. બીજું, કુશવાહા અને દલિત સહિત કેટલાક અન્ય સમુદાયો જે NDA સાથે હતા તેઓ પણ ડગમગી રહ્યા છે. રાહુલ અને તેજસ્વીના જોડાવાથી મુસ્લિમ-યાદવ સમીકરણ ફરી મજબૂત બન્યું છે.

આ વખતે બિહાર ચૂંટણીમાં મહિલાઓ અને યુવાનો મુખ્ય પરિબળો બની શકે છે. મહિલાઓ નીતિશકુમાર તરફ ઝુકાવ ધરાવતી દેખાય છે. તેજસ્વી યાદવ અને પ્રશાંત કિશોર આ ચૂંટણીને નીતિશકુમારની છેલ્લી ચૂંટણી કહી રહ્યા છે. હવે પ્રશ્ન એ છે કે NDAનું સમીકરણ શું સૂચવે છે? યશવંત દેશમુખ કહે છે કે નીતીશકુમારના સ્વાસ્થ્ય અને ઉંમરને ધ્યાનમાં રાખીને, જો કોઈ કહે કે આ તેમની છેલ્લી ચૂંટણી છે, તો તેમાં કંઈ અસામાન્ય નથી. અમારા ડેટા મુજબ, નીતિશકુમારના લાંબા શાસનથી કંટાળાની લાગણી ચોક્કસપણે છે, પરંતુ જનતા તેમનાથી નારાજ નથી. જંગલરાજના મુદ્દા પર લાંબા સમય સુધી રાજનીતિ કરવામાં આવી હતી, પરંતુ હવે બે તૃતીયાંશ મતદારો તે સમયગાળા પછી જન્મ્યા છે. આવી સ્થિતિમાં, યુવાનોને તે યુગ યાદ નથી, પરંતુ વૃદ્ધો અને મહિલાઓને હજુ પણ તે સમય યાદ છે. આ જૂની વાર્તા છોડીને એક નવું બનાવવા માટેની લડાઈ છે. પ્રશાંત કિશોર આમાં પોતાની ભૂમિકા ભજવી રહ્યા છે. તે કેટલી બેઠકો જીતશે અને કેટલા મત મેળવશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ અમારા ટ્રેકરે ચોક્કસપણે શોધી કાઢ્યું છે કે છેલ્લા છ મહિનામાં પ્રશાંત કિશોરે જબરદસ્ત ધ્યાન ખેંચ્યું છે. એક સમયે, તેઓ ૨૦ ટકાથી વધુ વસ્તી માટે મુખ્યમંત્રી પદ માટે ટોચની પસંદગી હતા. તેમણે મેળવેલું ધ્યાન મતો અને બેઠકોમાં કેટલું પરિવર્તિત થશે તે જોવાનું બાકી છે. નીતીશકુમાર વિશે કોઈ ગમે તે કહે, બિહારનાં લોકોમાં તેમના પ્રત્યેનો આદર ઓછો થયો નથી. આ તેમની છેલ્લી ચૂંટણી માનવામાં આવે કે ન આવે, તે પ્રચારનો ભાગ હોઈ શકે છે. જ્યારે દ્વિધ્રુવીય લડાઈની વાત આવે છે, ત્યારે નીતીશકુમારનાં ખાતાંમાં ઘણી વસ્તુઓ ઉમેરવામાં આવે છે, પરંતુ તેજસ્વી સાથે આવું થતું હોય તેવું લાગતું નથી.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

**લગભગ તમામ એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને સંપૂર્ણ બહુમતી આપવામાં આવી છે. આ સંભવિત બહુમતીનું શ્રેય જેટલું નીતીશ કુમારને જાય છે, તેટલું મોદીને પણ જાય છે**


:: જાહેર નિવિદા ::

આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, નવસારી.

જિલ્લા આયુર્વેદ અધિકારી,જિલ્લા પંચાયત, નવસારી માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન( આયોજન) TSP ગ્રાન્ટ અને સ્વભંડોળ માંથી વર્ષઃ૨૦૨૫-૨૬ માટે નવસારી જિલ્લાની આંગણવાડીના ૩ થી ૬ વર્ષના કુપોષિત બાળકો ના વિકાસ માટે સુવર્ણ પ્રાશન ડ્રોપ્સ સરકારશ્રીના નક્કી કરેલ માપદંડો મુજબ ખરીદવાના થાય છે.

નીચે આપેલ લીંકમાં નિયમો અને શરતો ઉપલબ્ધ છે. તેમજ સ્પેસિફિકેશન મુજબ ઔષધના ભાવ સાથે સાધનિક કાગળો, ૩% ઇએમડી, આયુર્વેદ શાખા, ત્રીજો માળ, જિલ્લા પંચાયત નવસારી, ડિસ્ટ્રીકટ કોર્ટની બાજુમાં, જુનાથાણા, નવસારી ખાતે દિન-૧૦માં રજીસ્ટર એડીથી મોકલવાના રહેશે. ભાવો મંજુર કરવા નામંજુર કરવાનો અબાધિત હકક જિલ્લા આયુર્વેદ અધિકારી, નવસારીનો રહેશે.

https://drive.google.com/file/d/1xBRkhDK D-r5mONupIX4IORApmF-VXYS/view?usp=sharing

માહિતી/નવસારી/૪૭૬/૨૦૨૫



પારડી નગરપાલિકા
જી.વલસાડ
નિવિદા નંબર-૧૩/૨૦૨૫-૨૬
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા.વલસાડ ધ્વારા નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| કામનું નામ | ૧.અપસેટ કિંમત ૨.બાનાની રકમ ૩.ટેન્ડર ફી |
|---|---|
| સ્વામી વિવેકાનંદ સ્પોર્ટસ કોમ્પલેક્ષના ઓપરેટીંગ અને મેન્ટેન્સના ભાવો મંગાવવા બાબત. (ત્રીજો પ્રયત્ન) | ૧.રૂ.૪,૦૦,૦૦૦.૦૦ ૨.રૂા.૧,૦૦,૦૦૦.૦૦ ૩.રૂ.૫૦૦૦.૦૦ |
| વેબસાઈટનું નામ | https://tender.nprocure.com |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | તા.૨૧/૧૧/૨૦૨૫ ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી.(ડીમાન્ડ ડ્રાફ્ટ) તથા જરૂરી ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | તા. ૨૬/૧૧/૨૦૨૫ ૧૮-૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી જી.વલસાડ.૩૯૬૧૨૫ |
| ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ | તા.૨૭/૧૧/૨૦૨૫ |

ઉપરોકત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોકત વેબસાઈટ ઉપરાંત માહિતી વિભાગની વેબસાઈટ https://tender.nprocure.com ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હકકો / અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા — ન.માહિતી/વલસાડ/૬૨૭/૨૦૨૫ — પ્રમુખ, પારડી નગરપાલિકા



ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,ભરૂચ
જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email:ceo.bauda@gmail.com
आज़ादी का अमृत महोत्सव

ટેન્ડર નોટીસ નં.૦૮

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ (બૌડા) કચેરીમાં આઉટસોર્સથી મેનપાવર પુરા પાડતી આઉટસોર્સિંગ એજન્સી પાસેથી સર્વિસ ચાર્જથી મેનપાવર પુરા પાડવાના કામો માટે એજન્સીની નિમણુંક કરવા ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે. કામોની નોટીસ http://tender.nprocure.com વેબ સાઇટ ઉપર ઓનલાઇન તા. ૧૪/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળશે,સદર કામ માટે ઓનલાઇન સબમીશનની છેલ્લી તારીખથી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી ટેંન્ડર ફી તથા ઇ.એમ.ડી. અત્રેની કચેરીએ સ્પીડ પોસ્ટ અથવા આર.પી.એડી દ્વારા બંધ કવરમાં મોકલવાના રહેશે. સમયમર્યાદા બહાર આવેલ ફીઝીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામાં આવશે નહિ. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન રજુ કરવાના રહેશે

| | |
|---|---|
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | તા. ૧૪/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ ૧૮,૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી ની રકમ | રૂ.૫૦૦૦/- |
| ઇ.એમ.ડી. ની રકમ | રૂ.૧,૦૦,૦૦૦/- |
| સિક્યુરીટી ડીપોજીટની રકમ | રૂ.૪,૨૦,૦૦૦/- |
| EMD,DD તેમજ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ (by R.P.A.D. and Speed Post only) | તા.૦૬/૧૨/૨૦૨૫ ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૦૮/૧૨/૨૦૨૫. |

(૧) સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુ.ધ્યાને લેવામા આવશે નહીં.
(૨) સદર ટેન્ડરીંગ માટે બૌડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ.

માહિતી/ભરૂચ/૫૬૦/૨૦૨૫



**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ** Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400028


કબજા નોટિસ(સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 (1)ની સાથે એપેન્ડીક્સ-IVને વાંચવા મુજબ)
નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી છે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (2)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓને-જામીનદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમ કથિત નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા ડિમાન્ડ નોટિસો જારી કરી હતી. ઋણ લેનારાઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ-સહ-ઋણ લેનારાઓ-જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબ્જો મેળવ્યો છે. ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો નીચે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજની સાથે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
સિક્યોર્ડ મિલકતો પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય માટે ઋણ લેનારાઓનું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) તરફ દોરવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | ઋણ લેનારાઓ-સહઋણ લેનારાઓનું નામ/ -લોન એકાઉન્ટ નંબર/ શાખા | સિક્યોર્ડ મિલકતોની સંક્ષિપ્ત વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂપિયામાં) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | બિડવેશ રામા નાયક/ માનસી બિડવેશ નાયક/ 004-00402319/ સુરત | ફ્લેટ નં. એસ-109, પહેલો માળ, મકાન નં. એલ, શુભ લાભ રેસીડેન્સી, મિલકત નં. 125, હજીરા મેઈન રોડ, ભટલાલ, જિલ્લોઃ સુરત, રાજ્યઃ ગુજરાત-394517. સબ રજિસ્ટ્રાર સુરતની ઓફિસમાં તારીખ 28/11/2017ના રોજ ક્રમ નં. 4514/2017 સાથે નોંધાયેલ વેચાણ દસ્તાવેજમાં વધુ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. | 20-માર્ચ- 2025/ રૂ. 13,77,012/- (રૂપિયા તેર લાખ સત્યોતેર હજાર બાર માત્ર.) | 09 -નવેમ્બર- 2025 |

તારીખઃ 13 નવેમ્બર, 2025 સ્થળઃ સુરત — એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ



RAJHANS — ગોપીતળાવ નવસારી બજાર, સુરત




લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે — ૧૦.૩૦, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૧૫, ૬.૦૦, ૭.૦૦, ૭.૪૫, રાત્રે ૮.૩૦, ૯.૩૦, ૧૦.૧૫
પ્રિડેટર : બેડલેન્ડ્સ — 2D હિન્દી એકશન ૧૨.૧૫
એક દીવાને કી દીવાનીયત — ૨.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



APPLE CINEMA — ૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com Paytm — 8238380822 — @applecinemasurat

ગુજરાતી બમ્પર હીટ ફિલ્મ



લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે — ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૧૨.૦૫, ૧.૩૦, ૨.૧૦, ૨.૪૦, ૪.૦૫, ૪.૪૫, ૫.૧૫, ૫.૪૫, ૭.૨૦, ૭.૫૦, રાત્રે ૮.૨૫, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

ગુજરાતી સુપર ડુપર હીટ ફિલ્મ: ચણીયા ટોળી — ૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૩૦, ૭.૪૫
ગુજરાતી પારિવારિક ફિલ્મ: મિસરી — ૨.૪૦, ૬.૪૦, રાત્રે ૮.૧૦
એક દીવાને કી દીવાનીયત — ૯.૧૦, ૨.૪૫, ૫.૩૫, ૭.૪૦, રાત્રે ૧૦.૨૫
થામા — ૯.૨૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૦૦, રાત્રે ૧૦.૩૦
ધ તાજ સ્ટોરી — (હિન્દી) ૧૦.૨૦, ૨.૩૫, રાત્રે ૧૦.૪૫
પ્રિડેટર : બેડલેન્ડ્સ — ૧૨.૩૫, ૫.૩૦
જટાધરા — હિન્દી : ૧૨.૦૦
ધ ગર્લ ફ્રેન્ડ — ૧૨.૧૦
હક — ૯.૨૫, રાત્રે ૮.૧૫, ૧૧.૦૦



સુપરહીટ ગુજરાતી ફિલ્મ



લાલો શ્રીકૃષ્ણ સદા સહાયતે — ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦



જટાધરા — ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA — એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJ IMPERIAL — DOLBY ATMOS — INOX — દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત. For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

કાલથી જુઓ: દે દે પ્યાર દે–2 * અજય દેવગન * રકુલપ્રિત સિંહ * તબ્બુ
દશેરા — ગુજરાતી પારિવારિક ફિલ્મ
સુપરડુપર હીટ ગુજરાતી ચિત્ર: લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે — 9.45 am, 10.30 am, 11.35 am, 12.30 pm, 1.25 pm, 2.20 pm, 3.20 pm, 4.15 pm, 5.05 pm, 6.10 pm, 7.05 pm, 7.50 pm, 9.00 pm, 9.55 pm, 10.35 pm
સત્ય ઘટના પર આધારિત: હક — * ઈમરાન હાશ્મી * યામી ગૌતમ — 12.20 pm, 6.25 pm
3D હિન્દી એક્શન: પ્રિડેટર : બેડલેન્ડ્સ — 10.20 am, 4.15 pm, 6.35 pm
(ગુજરાતી) ચણિયા ટોળી — 9.00 am, 3.35 pm, 6.40 pm, 9.00 pm
મિસરી (ગુજરાતી) — 9.10 am
થામા — 9.15 am
એક દીવાને કી દીવાનીયત — 12.30 pm, 3.30 pm
પ્રવાસ (ગુજરાતી) 7.30 pm
કભી હા કભી ના (રીપીટ) 12.50 pm